ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૮/૨૪–૨૫/ 569 તારીખ : 18 JUN 2024

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી જીતેન્દ્રભાઈ કેશુભાઈ સુત્રેજા,**
મુ.રે. સુત્રેજ, તા.કેશોદ,
જી.જુનાગઢ.

કેસ નં.૦૮/૨૪–૨૫

**મો.નં. ૯૮૯૮૩ ૧૦૧૯૫.**

**વિષય : વધારાના લોડનું અંદાજપત્ર રદ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૨/૦૪/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૮/૨૪–૨૫/૩૪૭ તા.૧૮/૦૪/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૮/૨૪–૨૫/૪૦૦ તા.૦૧/૦૫/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૯/૦૫/૨૦૨૪ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પ. ગ. વી. કં. લિ., પેટા વિભાગીય કચેરી, **થાનગઢ.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

# ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૦૮/૨૪–૨૫</u> ☜

વાદી :– **શ્રી જીતેન્દ્રભાઈ કેશુભાઈ સુત્રેજા**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ <u>રજુઆતની તારીખઃ– તા.૨૯/૦૫/૨૦૨૪</u> ◈

હાજર રહયા :– **શ્રી જીતેન્દ્રભાઈ કેશુભાઈ સુત્રેજા (વાદીશ્રી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એમ. વી. ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી જીતેન્દ્રભાઈ કેશુભાઈ સુત્રેજા, મુ.સુત્રેજ, જી.જુનાગઢ ની વધારાના લોડનું અંદાજપત્ર રદ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંકઃ ૦૮/૨૪–૨૫ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૦૮/૨૪–૨૫/૩૪૭ તા.૧૮/૦૪/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. <u>**૨૯/૦૫/૨૦૨૪**</u> ના રોજ સુરેન્દ્રનગર મુકામે ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી જીતેન્દ્રભાઈ કેશુભાઈ સુત્રેજા પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી શ્રી એમ. વી. ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો સુરેન્દ્રનગર જીલ્લાના સાયલા તાલુકાના મોજે–ચોરવીરા (થાન) ગામે જેના ગ્રાહક નં.૨૭૭૦૯૦૦૬૯૬૫ થી થાનગઢ સબ ડીવીઝન વીજજોડાણ ધરાવીએ છીએ. જેમાં અમોને એલ.ટી. ટુ એચ.ટી. કનેકશનનું ૪.૯૫ પ્રમાણે એસ્ટીમેન્ટ આપવામાં આવેલ છે, જેની નકલ સામેલ છે.

૧.૨ પરંતુ હવે અમોને એચ.ટી. કનેકશનની જરૂરીયાત ન હોય અને અમોએ અમારા લોડ કન્ટ્રોલ કરી લીધેલ છે. જેથી હાલ ઓવરલોડ આવતો નથી. જે અંગે છેલ્લા બીલની નકલો તેમજ સ્ટેટમેન્ટની કોપી આ સાથે સામેલ છે. જે ધ્યાને લઈ અમારૂ આ ઉપરોકત ગ્રાહક નંબર અન્વયે આપવામાં આવેલ એલ.ટી. ટુ એચ.ટી. નું એસ્ટીમેટ રદ કરવા નમ્ર અરજ છે.

૧.૩ આ અંગે અમોને લેખીત તથા મૌખિક રજુઆત અંગે રૂબરૂ સાંભળવા નમ્ર વિનંતી છે. જેથી અમોને સાંભળ્યા બાદ હુકમ થઈ આવવા વિનંતી છે.

P.G.V.C.L. Bhavnagar Redressal

**પ્રતિવાદીશ્રીની રજુઆત :-** ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૨.૧ વાદીશ્રી જીતેન્દ્રભાઈ કેશુભાઈ સુત્રેજા, ગ્રાહક નં.૨૭૭૦૯/૦૦૬૯૬/૫ થી પેટા વિભાગીય કચેરી, થાન ખાતે ૧૦૦ કિ.વો.નું ઔદ્યોગિક વીજજોડાણ ધરાવે છે. તેઓ સદર વીજજોડાણ તા.૧૧/૦૩/૨૦૧૭ થી ધરાવે છે.

૨.૨ વાદીએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના વર્ષમાં વીજવપરાશ વધુ વપરાશ કરવામાં આવેલ હતો, જેની માહીતી નીચે મુજબ છે.

| Consumer No. | Name | Cycle | Month | Year | Tariff | Actual Demand | Contract Demand | Contrac Demand + 5% |
|---|---|---|---|---|---|---|---|---|
| 277090006965 | Jitendrabhai Keshubhai Sutreja | 5 | 6 | 2022 | LTMD | 138 | 100 | 105 |
| 277090006965 | Jitendrabhai Keshubhai Sutreja | 5 | 7 | 2022 | LTMD | 129.2 | 100 | 105 |
| 277090006965 | Jitendrabhai Keshubhai Sutreja | 5 | 3 | 2023 | LTMD | 117.8 | 100 | 105 |
| 277090006965 | Jitendrabhai Keshubhai Sutreja | 5 | 4 | 2023 | LTMD | 115.7 | 100 | 105 |

૨.૩ વાદીને ઉપર મુજબ વીજ વપરાશ કરેલ હોય, તેમને સપ્લાય કોડની શરત ૪.૯૫ મુજબ ૧૦૦ કિ.વો. માંથી ૧૨૫ કે.વી.એ. વીજ ભારનો વધારો કરવા માટે વીજ કચેરી દવારા તા.૨૧/૦૪/૨૦૨૩ થી નોટીસ આપવામાં આવેલ હતી. નોટીસનો સમયગાળો પુર્ણ થયા બાદ વાદી વીજભાર કરવા માટે અરજી આપવામાં આવેલ ન હતી. જેથી વાદીને અત્રેની કચેરી દવારા જાવક નં.૯૬૯ તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ વીજ કચેરી દવારા રૂ.૪૭૬૨૮૦/- નું અંદાજપત્ર આપવામાં આવેલ હતું.

૨.૪ સપ્લાય કોડ ૨૦૧૫ ની શરત ૪.૯૫ મુજબ સદરગ્રાહકને વીજભાર વધારો કરવાનો થાય છે.

"સપ્લાય કોડ ની શરત ૪.૯૫ મુજબ માંગ આધારિત એલ.ટી. વીજજોડાણના કેસોમાં જો નોંધાયેલ અધિકતમ માંગ, છેલ્લા નાણાકીય વર્ષ દરમ્યાન ઓછામાં ઓછુ ૪ વખત ૫ % કે તેથી વધુ કરાર-માંગ થી વધેલ હોય તો, પરવાનેદાર ગ્રાહકને વીજભાર વધારા માટ અરજી પત્રક રજુ કરવા ૩૦ દિવસની નોટીસ આપશે. નોટીસની મુદત પુરી થતા સુધી ગ્રાહક પાસેથી કોઈ જવાબ ન આવે તો પરવાનેદાર છેલ્લા નાણાકીય વર્ષમાં ગ્રાહકના એમ.ડી.આ.ઈ. મીટરે દર્શાવેલ અધિકતમ ચાર રેકોર્ડીંગની સરેરાશ મુજબ ગ્રાહકની કરાર માંગ વધારવાની કાર્યવાહી શરૂ કરશે. આવા કેસમાં વધારેલી માંગ નિયમિત કરવા આ સંહિતાની જોગવાઈઓ અનુસાર લાગુ પડતા તમામ ખર્ચ ચુકવવા જવાબદાર બનશે. આવા ખર્ચ મળતા વધારેલી માંગને સુધારેલી માંગ ગણવામાં આવશે અને કરારની બધી જોગવાઈઓ સુધારેલી કરાર માંગ માટે આવા ગ્રાહકોને લાગુ પડશે."

૨.૫ વાદીએ વીજ ભાર વધારા માટેની નોટીસ મળ્યા બાદ વીજભાર વધારવા માટે કોઈપણ અરજી કરેલ નહી હોવાથી સપ્લાય કોડની શરત ૪.૯૫ મુજબ અંદાજપત્ર આપવા માટેની કામગીરી કરવામાં આવેલ હતી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૬ સદર ગ્રાહકમાં એલ.ટી.માંથી એચ.ટી. વીજજોડાણ કરવા માટે વર્તુળ કચેરી ખાતે ફાઈલ મોકલતા તેમના દવારા એસ.એન.સી./ટેક–૧/એચટી/૨૦૨૪/એચટી–૪.૯૫/રજી–૩૩૮/૭૯૪ તા.૨૭/૦૩/૨૦૨૪ ના રોજ ૧૦૦ કી.વો. માંથી ૧૨૫ કે.વી.એ. કરવા માટે મંજુરી આપવામાં આવેલ હતી.

૨.૭ વાદીને વીજભાર કરતા વધુ વીજભારનો વીજ વપરાશ કરેલ હોવાથી વિભાગીય કચેરી દવારા જાવક નં.૯૬૯ તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ વીજ કચેરી દવારા રૂા.૪૭૬૨૮૦/– નું અંદાજપત્ર આપવામાં આવેલ હતું, જે વાદીએ ભરવાનું થાય છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદીશ્રી જીતેન્દ્રભાઈ કેશુભાઈ સુત્રેજા, ગ્રા.નં.૨૭૭૦૯/૦૦૬૯૬/૫ થી થાન ખાતે ૧૦૦ K.W. નું LTMD કનેકશન ધરાવે છે તેમજ પ્રતિવાદી પીજીવીસીએલ દવારા લોડવધારા અંગેનું આપવામાં આવેલ રૂા.૪,૭૬,૨૮૦/– ના અંદાજપત્ર સામે ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગેની રૂબરૂ સુનાવણી આજરોજ તા.૨૯/૦૫/૨૦૨૪ ના રોજ રાખવામાં આવેલ છે. બન્ને પક્ષકારો હાજર છે અને પોતાની રજુઆતો કરેલ છે.

૩.૩ હાલના કેસની રજુઆત મુજબ વાદીનાં LTMD વીજ કનેકશનમાં વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન કોન્ટ્રાકટ લોડ ૧૦૦ કી.વો. સામે વર્ષ દરમ્યાન ૪ વખત અનુક્રમે ૧૩૮, ૧૨૯.૨૦,૧૧૭.૮૦,૧૧૫.૭૦ કી.વો. નો લોડ રેકોર્ડ થતાં, પ્રતિવાદી દવારા સપ્લાય કોડના કલોઝ નં.૪.૯૫ મુજબ વીજભારમાં વધારો કરવા તા.૨૧/૦૪/૨૦૨૩ થી નોટીસ આપવામાં આવેલ. જે અંગે વાદી દવારા કોઈ પ્રત્યુતર કરવામાં ન આવતાં, સમય પુર્ણ થતાં, પ્રતિવાદી દવારા તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ રૂા.૪,૭૬,૨૮૦/– નું અંદાજપત્ર આપવામાં આવેલ છે.

વાદી દવારા હાલ તેઓ દવારા વીજભાર કન્ટ્રોલ કરી દેવામાં આવેલ છે અને હવે વધુ વીજભાર ની જરૂર ન હોય, અંદાજપત્ર રદ કરવા જણાવેલ છે.

૩.૪ રજૂ થયેલ રેકર્ડ અને રજૂઆતોને ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, પ્રતિવાદી દ્વારા વાદીના લોડ વધારા અંગેની કરવામાં આવેલ બીલીંગની કાર્યવાહી જીઈઆરસી ના સપ્લાય કોડ–૨૦૧૫ ની કલોઝ–૪.૯૫ મુજબ ની અને નિયમોનુસાર છે.

૩.૫ આ તબક્કે પ્રતિવાદીની વડી કચેરી રાજકોટ ના પત્રન. ૧૯૧૦ તા. ૧૯.૦૩.૨૦૨૨ માં દર્શાવેલ સુચના ને પણ ધ્યાનમાં લેવામાં આવે છે જે નીચે મુજબ છે.

**" In such cases, we may allow such consumers with their current cotrract demand or contract demand within 100 KW by recovering differential fixed/demand charges for contract demand that would have been as per clause no. 4.95 of Supply Code and consumer desires to continue with the contract demand for period of two years i.e. agreement period. Afterwards, on single instance of excess drawl than contrct demand, consumer has to regularize its contract demand."**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૬ ઉપરોક્ત વિગતો અને આજની ફોરમની બેઠક દરમિયાનની રજૂઆતો ને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે .

" ઉપરોક્ત વર્ણન કરેલ છે તે મુદ્દા ન ૩.૫ મુજબ ગ્રાહક પાસેથી લોડ મુજબ બે વર્ષ નો ન્યૂનતમ ચાર્જ વસુલ કરવો તેમજ જરૂરી બાંહેધરી પત્રક મેળવીને એચ.ટી. નું અંદાજપત્ર રદ ગણવાની કાર્યવાહી કરવી. આ સમગ્ર પ્રક્રિયા દિન – દસ માં પૂર્ણ કરવી અને ફોરમને દિન ત્રીશ માં અહેવાલ કરવાનો રહેશે."

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રી જે.એમ મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(શ્રી પી. જે. મહેતા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૨૯/૦૫/૨૦૨૪.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar